# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૬, ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૨



## યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ચાર્જ સંભાળતા શ્રી પ્રભવ જોશી



૭૩માં પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ દ્વારા ઉત્સાહભેર ઉજવણી



ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થતા શ્રી જય પ્રકાશ શિવહરે



ગુરુપ્રસાદ મહાપાત્રાને પદ્મશ્રી એવોર્ડથી મરણોત્તર સન્માન

## આ અંકમાં


**અંક-૬૬**
**ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૨**

**સંરક્ષક**
શ્રી પ્રભવ જોશી, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી બી. જી. પ્રણામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહિવટ), કડી, વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com

# આ અંકનાં આકર્ષણો...


**ઉજવણી**
- ૭૩માં પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી ૦૪
- કડી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ૦૬
- સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ૦૭
- હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ૦૭
- પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૭૩માં
- પ્રજાસત્તાક દિવસની ઉજવણી ૦૮
- ડીસા ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ૦૮

**સ્વાગત**
- ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થતા શ્રી જય પ્રકાશ શિવહરે ૦૯
- યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ચાર્જ સંભાળતા શ્રી પ્રભવ જોશી ૦૯

**સંક્ષિપ્ત સમાચાર**
- પદ્મશ્રી એવોર્ડથી મરણોત્તર સન્માન ૧૦
- કડી ખાતે 'વીજ બચત' વિષય પર આધારિત લોક જાગૃતિ અભિયાન ૧૦
- ડીસા ખાતે વીજ અકસ્માત ટાળવા પેમ્ફલેટ વિતરણ ૧૦
- ભિલોડા ખાતે શ્રી હનુમાનજી મહારાજના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૧૧
- ફિલ્મ ક્ષેત્રે અભિનયના ઓજસ પાથરતા શ્રી ધારેશ શુક્લ ૧૧
- હિંમતનગર ખાતે કોવિડ-૧૯ બૂસ્ટર ડોઝના કેમ્પનું આયોજન ૧૧
- વીજ-સુરક્ષા માટે કર્મચારીઓને અદ્યતન કીટનું વિતરણ ૧૨
- ગુજરાત બજેટની સાથે સાથે... ૧૨
- કલોલ ખાતે પ્લાસ્ટિક મુક્તિ અભિયાનનું અનોખું ઉદાહરણ ૧૩

**શ્રદ્ધાંજલિ**
- યુજીવીસીએલ પરિવારના બે વીજકર્મીઓના અવસાન ૧૩

**પ્રતિભાવ ૧૪**

**કાવ્યધારા ૧૫**



**યુજીવીસીએલ કંપનીએ વર્ષોવર્ષ સિદ્ધિનાં શિખરો સર કર્યાં છે તથા અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્ઝ મેળવ્યા છે, જે દર્શાવે છે કે ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી કંપની રચવાના રાજ્ય સરકારના ઉમદા હેતુને આપ સૌએ સાકાર કર્યો છે.**

**સફળતા પ્રાપ્ત કરવા માટે અન્ય કોઈ પણ સાધન-સામગ્રી કરતાં તમારો આત્મવિશ્વાસ વધુ ઉપયોગી છે**

**- અબ્રાહમ લિંકન**

**પ્રિય કર્મચારી મિત્રો**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્ય સંભાળ્યા પછી, આ ન્યૂઝલેટરના માધ્યમથી આપ સૌ સાથે સીધો સંવાદ સાધતાં હું અત્યંત આનંદ અનુભવું છું. સૌ પ્રથમ તો, પહેલી એપ્રિલના રોજ આપણા ‘કંપની દિન’ નિમિત્તે યુજીવીસીએલ પરિવારના તમામ મિત્રોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડની કામગીરીને વધુ ગ્રાહકલક્ષી તથા વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી રાજ્ય સરકારે બોર્ડનું વિવિધ કામગીરી અનુસાર અલગ અલગ કંપનીઓમાં વિભાજન કર્યું અને એ રીતે આપણી કંપની અસ્તિત્વમાં આવી.

૧લી એપ્રિલ ૨૦૦૫ના રોજથી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવ્યા બાદ વીજ વિતરણનાં તમામ ક્ષેત્રોમાં આપણી કંપનીએ ખૂબ જ પ્રસંશનીય કામગીરી કરીને ૩૧ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ મેળવ્યા છે, જે દર્શાવે છે કે આપણી કંપનીએ રાજ્ય સરકારના ઉમદા હેતુને પૂરેપૂરો સાકાર કર્યો છે. આ સિદ્ધિ આપ સૌની કાર્યનિષ્ઠાને આભારી છે. મને એ વાતનું ખાસ ગૌરવ છે કે આપ સૌએ કંપનીની સ્વર્ણિમ સાફલ્ય ગાથાને સતત આગળ વધારી છે અને કંપની ઉત્તરોત્તર પ્રગતિનાં નવાં શિખરો સર કરી રહી છે. આપ સર્વેમાં રહેલી ક્ષમતાનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરી આપણે વધુ સફળતા મેળવતા રહીશું, તેવી આશા હું રાખું છું.

આ ઉપરાંત, તા. ૮મી માર્ચ ૨૦૨૨ના રોજ આપણે **‘મહિલા દિન’**ની ઉજવણી કરી છે, એ નિમિત્તે, શક્તિના પ્રતિક સમાન યુજીવીસીએલ પરિવારનાં તમામ મહિલા કર્મચારીઓને હું હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવું છું. આનંદની વાત એ છે કે કોરાના મહામારીમાંથી આપણે હવે લગભગ મુક્ત થવા જઈ રહ્યા છીએ ત્યારે ફરી વાર સામાન્ય પરિસ્થિતિમાં આપણી ક્ષમતાનો ઉપયોગ કરીને પૂરી ક્ષમતાથી કામગીરી કરીએ તેવો હું આપ સૌને અનુરોધ કરું છું.

ઋતુના બદલાવ પ્રમાણે હવે આપણે શિયાળાની ઋતુમાંથી ઉનાળામાં પ્રવેશ કર્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીના દિવસોમાં વીજ પુરવઠાની માંગ નોંધપાત્ર વધતી હોય છે. ગરમીથી બચવા ઘર અને ઓફિસમાં એરકન્ડિશનનો જેવા વીજ ઉપકરણોનો ઉપયોગ તેમ જ પાણીની ખેંચના લીધે પાણી ખેંચવાની મોટરો વપરાશ વધતો હોય છે, તેવા સંજોગોમાં વીજ વિતરણની વ્યવસ્થા સુદ્રઢ રહે અને અવિરતપણે વીજ પુરવઠો ચાલુ રહે તે માટે **સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ** આપવાના ધ્યેયને ચરિતાર્થ કરીશું તેવી અભ્યર્થના...

**પ્રભવ જોશી,** આઈએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ૭૩માં પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે ઉત્સાહભેર ૭૩માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ. સવારે ૯.૧૫ કલાકે ધ્વજ ફરકાવીને સમુહમાં રાષ્ટ્રગીત દ્વારા રાષ્ટ્ર ધ્વજ વંદન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત સિક્યુરિટી ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ. ચૌધરી દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાને મંચ સુધી ગાર્ડ ઓફ ઓનર આપીને દોરવવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પી) શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (પી) શ્રી જી.એચ. એન્જિનીયર, કાર્યવાહક અધિક્ષક ઈજનેર, મહેસાણા, શ્રી આર.પી. પટેલ, જેટકોના અધિક્ષક ઈજનેર શ્રી આર.કે. પટેલ તેમજ વિશાળ સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કર્મચારીઓ જોગ શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ.

### અક્ષરશઃ

*પ્રિય કર્મચારી મિત્રો,*

*૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, ભૂતપૂર્વ કર્મચારીઓ, પરિવારજનો તથા બાળકોને હૃદયપૂર્વક આવકારું છું.*

*દેશને આઝાદી મળ્યા બાદ કાર્યક્ષમ વહીવટ માટે બંધારણની જરૂરિયાત લાગી. જેને માટે તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ આપણા દેશના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા લખવામાં આવેલ બંધારણ અમલમાં આવ્યું, જેની આજે પણ સમગ્ર વિશ્વમાં વિશિષ્ઠ બંધારણ તરીકે નોંધ લેવામાં આવે છે.*

*પ્રજાસત્તાક દિવસ આપણા માટે અતિ મહત્વનો તહેવાર છે. ૨૬મી જાન્યુઆરીએ આપણે સ્વાતંત્ર બંધારણને અમલમાં મૂકીને આપણું વહીવટી માળખું સુદ્રઢ બનાવ્યું. આપણે એટલે રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવણી કરીએ છીએ.*

*૧૯૬૧માં ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડની રચના બાદ રાજ્યના સામાજિક તથા આર્થિક વિકાસ માટે ઘરે-ઘરે વીજળી પહોંચાડવી આપણા માટેની આવશ્યકતા હતી. દેશનો અને રાજ્યનો વિકાસ વીજળી વગર શક્ય નથી, એટલે જ આપણે આપણા માનવંતા ગ્રાહકોને ગુણવત્તાસભર વીજળી પુરી પાડવા માટે પ્રયત્નશીલ રહ્યા છીએ અને સાતત્યપૂર્ણ વિશ્વસનીય વીજ-પુરવઠો પૂરો પાડવા સમર્થ રહ્યાં છીએ.*

*મિત્રો, મને જણાવતા આનંદ થાય છે કે, આપણી કાર્યદક્ષતા અને વીજ-વિતરણના વિવિધ ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવવાના સતત પ્રયત્નોને લીધે તાજેતરમાં આપણી કંપનીને તા. ૧૪-૧૨-૨૦૨૧ના રોજ વધુ એક નેશનલ એવોર્ડ ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા પ્રાપ્ત થયેલ છે. તારીખ ૦૧-૦૪-૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવ્યા બાદ પ્રાપ્ત કરવામાં આવેલ આ ત્રીસમો*


ધ્વજ વંદન




ઉદ્બોધન


વિમોચન


સન્માન


સન્માન

એવોર્ડ આપણી કંપનીને મળેલ છે. આ એવોર્ડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ છે. અગાઉ વર્ષ ૨૦૦૭માં બ્રોન્ઝ શિલ્ડ, વર્ષ ૨૦૧૨માં ગોલ્ડ શિલ્ડ બાદ આ ત્રીજો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. સદર એવોર્ડ કેન્દ્ર સરકારના માનનીય ઊર્જા મંત્રી શ્રી આર.કે. સિંઘના વરદ્ હસ્તે માનનીય ઊર્જા રાજ્ય મંત્રી શ્રી કિશન પાલની ઉપસ્થિતિમાં આપણને વિજ્ઞાન ભવન, નવીદિલ્હી ખાતે યોજાયેલ સમારંભમાં અર્પણ કરવામાં




આવેલ છે.

મિત્રો, વીજ-સંરક્ષણ યાને વીજ-બચત માટેની ઉત્કૃષ્ટ કામગીરી માટે આપણને સદર એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આપણા સૌની વિશેષ જવાબદારી હવે વીજ-બચતની કામગીરી માટે હંમેશા રહેશે. તમામ કર્મચારીઓને ઓફિસમાં વાપરવામાં આવતી વીજળીનો બચાવ થાય તે માટે જરૂર ન હોય ત્યારે સ્વીચો બંધ કરવા આહ્‌વાન કરું છું. મને આશા છે કે આગામી વર્ષમાં ગત વર્ષની સરખામણીએ વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરીને વીજ-યુનિટ ઓછા થાય તે દિશામાં ધ્યાન રાખીશું તો વીજ-બચત ક્ષેત્રે આપણને મળેલ એવોર્ડ સાર્થક સાબિત થશે. વધુમાં આ

## Academic Awards

| Name of Emp & Designation | Place of Working | To whom / Relation | % age | Std. | Amount of Merit Award/ |
|---|---|---|---|---|---|
| Shri J.L. Solanki, Ele. Assistant | Jagudan S/DN | Daughter – Honey | 86.62% | 12th | 500/- & Certificate |
| Shri J.L. Solanki, Ele. Assistant | Jagudan S/DN | Daughter – Honey | Got Admission in IIT, Jodhpur for the year 2021-22 | | 5000/- & Certificate |
| Smt N.G.Patel, Sr. Assistant | Mehsana Ind S/DN | Son – Neel | His son has cleared GPSC exam in the cadre of Police Inspector (unarmed) Dtd.24.11.21 | | 5000/- & Certificate |
| Shri J.R. Patel, Ele. Assistant | Patan ® S/DN | Daughter – Niya | 85.07% | 12th | 500/- & Certificate |
| Shri K.J. Prajapati, Dy. Engineer | Visnagar-I S/DN | Son – Deep | Got Admission in IIT, Bhubaneswar for the 2021-22 | | 5000/- & Certificate |
| Shri V.R. Patel, Ele. Assistant | Visnagar-I S/DN | Son – Neel | 85.33% | 10th | 250/- & Certificate |
| Shri G.B. Solanki, Dy. Engineer | Idar DO | Son – Jainam | Got Admission in IIT, Madras on dated 23.11.2021 for the year 2021-22 | | 5000/- & Certificate |
| Shri H.M. Raval, Dy. Supdt A/cs | Himatnagar CO | Daughter-Arya | 98% | 10th | 250/- & Certificate |
| Shri A.S. Prajapati, Sr. Assistant | Himatnagar CO | Son -Adity | 94.83% | 10th | 250/- & Certificate |
| Shri A.N.Diwan, Dy. Engineer | Sabarmati DO | Son-Yug | Got Admission in IIT, Delhi for the year 2021-22 | | 5000/- & Certificate |
| Shri M.R.Waghela, Asst.Lineman | Chandkheda S/DN | Son-Harshkumar | 90.16% | 10th | 250/- & Certificate |
| Shri P.C. Raval, Ele. Assistant | Adalaj S/DN | Son-Aditya | 90 % | 12th | 500/- & Certificate |
| Shri S.B. Limbachiya, Ele. Assistant | Unjha City S/DN | Son-Dev | 91.07% | 12th | 500/- & Certificate |
| Shri A.S. Modi, Jr. Assistant | Chandisar S/DN | Son-Keyur | 87.23% | 12th | 500/- & Certificate |

### Achievement of Sub-Division/Division offices highest growth in e-payment of energy Bills by the consumers. (Only Certificate)

| Circle | Division | Sub-Division | Category | Rank |
|---|---|---|---|---|
| Palanpur | Radhanpur | Varahi | Rural | 1st |
| Himatnagar | Idar | Kheroj | Rural | 2nd |
| Himatnagar | Modasa | Tintoi | Rural | 3rd |
| Himatnagar | Modasa | Modasa (T) | Urban | 1st |
| Palanpur | Palanpur-1 | Palanpur (T) | Urban | 2nd |
| Sabarmati | Sabarmati | Viramgam (T) | Urban | 3rd |
| Palanpur | Deesa -1 | - | HT | 1st |
| Mehsana | Vijapur | - | HT | 2nd |
| Sabarmati | Sabarmati | - | HT | 3rd |

### Technical Awards (Only Certificate)

| Sub-Division | Division | Circle |
|---|---|---|
| Viramgam (Rural) | Sabarmati | Sabarmati |
| Sami | Patan | Mehsana |
| Varahi | Radhanpur | Palanpur |
| Gambhoi | Himatnagar | Himatnagar |
| Koth | Bavala | Sabarmati |

### Solar Awards (Only Certificate)

| Mehsana Industrial | Mehsana | Mehsana |
|---|---|---|
| Adalaj | Gandhinagar (U) | Sabarmati |
| - | Bopal (U & I) | Sabarmati |
| - | Gandhinagar (U) | Sabarmati |

એવોર્ડ મળવા બદલ તમામ કર્મચારીઓની કામગીરીને હૃદયપૂર્વક બિરદાવીને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું.

આગામી સમયમાં કોરોનાની મહામારીનો વધુ એક તબક્કો આપણને સંક્રમિત કરી શકે તેમ છે તેવા સંજોગોમાં સરકારશ્રી દ્વારા પાઠવવામાં આવેલ આચાર સંહિતાનો ચુસ્ત અમલ કરવા આગ્રહ રાખું છું.

વીજ-બચતની સાથે વીજ-સુરક્ષા અંગે પણ આપણે મહત્ત્વની કામગીરી કરવી પડશે. પાલનપુર, મહેસાણા, સાબરમતી વગેરે સ્થળોએ વીજ-સલામતી અંગેના સેમિનારોનું આયોજન કરેલ છે તેમજ સરકારશ્રીના ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ સાથે વીજ-સુરક્ષા અંગે પરામર્શ બેઠકનું આયોજન કરેલ છે. વીજ-સલામતી અંગે કાળજી લેવા છતાં પણ તાજેતરમાં વિરમગામ ખાતે આપણા વીજકર્મીએ પોતાનો જીવ ગુમાવેલ છે, જે ગંભીર બાબત છે કંપનીનો પ્રત્યેક કર્મચારી કંપનીની અમૂલ્ય અસ્ક્યામત (Asset) હોવાને નાતે સાવચેતીપૂર્વક વીજ સુરક્ષાના સાધનો સાથે રાખીને કામ કરવા માટે અનુરોધ કરું છું. જેથી આપણા તથા આપણા કુટુંબીજનોની ખુશહાલ રાખી શકીશું.

મિત્રો, આપણે સૌ નિષ્ઠાપૂર્વક અથાગ પ્રયત્નોથી આપણી કંપનીને વિશ્વસ્તરની

## કડી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



ધ્વજ વંદન

તા. ૨૬-૧-૨૦૨૨ના રોજ પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ, કડી વિભાગીય કચેરીના પટાંગણમાં ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે વિભાગીય કચેરી કડીના કાર્યપાલક ઈજનેર, શ્રી એસ.આર. પટેલના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને રાષ્ટ્રગાન સાથે સલામી આપવામાં આવેલ. આ પ્રસંગે કડી વિભાગીય કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને દેશભક્તિનો માહોલ ઊભો કરેલ.

*વીજ-વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત કરી છે અને અગ્રણી વીજ-વિતરણ કંપની તરીકે આપણું સ્થાન જાળવી રાખીશું એ જ અભ્યર્થના.*

*ફરીવાર પ્રજાસત્તાક દિન નિમિત્તે ઉપસ્થિત સૌને તેમજ સન્માનિત યુજીવીસીએલ પરિવારના તમામ સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી વિરમું છું.*

*જય હિન્દ, જય જય ગરવી ગુજરાત.*

યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલાઓ કે જેમણે પોતાની તેજસ્વી કારકિર્દી દ્વારા યુજીવીસીએલ પરિવારનું ગૌરવ વધારેલ છે તેઓને રોકડ પુરસ્કાર અને સન્માનપત્ર અંગેની જાહેરાત કરીને કોવિડના પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને સન્માનિત કરવામાં આવેલ. અગાઉ પણ યુજીવીસીએલ પરિવારના સભ્યો દ્વારા શૈક્ષણિક, સામાજિક, રમતગમત વગેરે


વિમોચન

ક્ષેત્રોમાં વિરલ સિદ્ધિઓ હાંસલ કરીને યુજીવીસીએલનો ગૌરવ વધારેલ છે. કંપનીના કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ દ્વારા નિયમિત રીતે બહાર પાડવામાં આવતા મેગેઝિનના ૬૫માં અંકના વિમોચન માટે અધિક્ષક ઈજનેર (ટેક.) શ્રી જે.આર. ચૌધરી તથા ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કોમ્યુનિકેશન) શ્રી શૈલેશ નાયક દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાને અર્પણ કરવામાં આવેલ જેનું ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિમોચન



કરવામાં આવેલ.

કંપનીના કર્મચારીના સંતાનો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ સફળતા બદલ, ગ્રાહક થકી જે સબડિવિઝનમાં વધારેમાં વધારે ઈલેક્ટ્રોનિક માધ્યમથી (ઓનલાઈન) પેમેન્ટ થયેલ છે તેવા સબડિવિઝનોના સન્માનની જાહેરાત કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી સ્નેહલભાઇ જોશી, અધિક્ષક (હિસાબ) દ્વારા કરવામાં આવેલ. ■

# સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

૭૩માં પ્રજાસત્તાક દિનની ઉજવણી સાબરમતી વર્તુળ કચેરીના કેમ્પસ ખાતે કાર્યપાલક ઈજનેર શ્રીમતી આશાબેન ખાલપાડાના અધ્યક્ષ સ્થાને કાર્યપાલક ઈજનેર સાબરમતી શ્રી બી.કે. પટેલ, પર્સોનલ ઓફિસર શ્રી એલ.એન. મહીડા, કાર્યપાલક ઈજનેર (સિવિલ) શ્રી એ.એન. ગુમા તેમજ





અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં ધ્વજ ફરકાવીને આનંદ અને ઉલ્લાસભેર કરવામાં આવેલ.

કોર્પોરેટ ઓફિસના માર્ગદર્શન મુજબ શૈક્ષણિક ક્ષેત્રે તેમજ કંપની દ્વારા નિર્ધારિત કામગીરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ અધિકારીઓ અને કર્મચારીઓને સન્માનિત કરવામાં આવેલ. ■

# હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

૭૩માં પ્રજાસતાક દિનની ઉજવણી હિંમતનગર વર્તુળ કચેરીના પ્રાંગણમાં તા. ૨૬-૦૧-૨૦૨૨ને બુધવારના રોજ સવારે ૯:૦૦ કલાકે ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહે રાષ્ટ્રધ્વજ ફરકાવેલ. ઉપરોક્ત સમારંભમાં હિંમતનગર વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી એચ.જે. જોશી તેમજ હિંમતનગર વર્તુળ તેમજ વિભાગીય કચેરીના અધિકારીશ્રી



તેમજ કર્મચારીઓએ રાષ્ટ્રગાન ગાઇ રાષ્ટ્રધ્વજને સલામી આપેલ.

આ પ્રસંગે કંપનીના કર્મચારીઓના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ સફળતા બદલ



પ્રશસ્તિપત્ર તેમજ રોકડ ઈનામ આપવામાં આવેલ, કોરોનાની મહામારીની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી મર્યાદિત કર્મચારીઓની હાજરીમાં માસ્ક તેમજ સામાજિક અંતરની જાળવણી સાથે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનના ગૌરવવંતા પ્રસંગની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવેલ. ■

# પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



ધ્વજ વંદન



ધ્વજ વંદન

આપણો ભારત દેશ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ અગ્રેજોની લાંબી ગુલામીમાથી આઝાદ થયો ત્યાર બાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત દેશનું પોતાનું બંધારણ અમલમાં આવ્યું અને ભારતને ડેમોક્રેટિક રિપબ્લિક જાહેર કરવામાં આવ્યું ત્યારથી દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. તા. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસંપદાયિક અને લોકશાહી ગણતંત્ર બની ગયું. આ અંતર્ગત આપણી ઉત્તર ગુજરાત વીજ કંપનીની પાલનપુર વર્તુળ કચેરી ખાતે પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પાલનપુર વર્તુળ કચેરીના પ્રાંગણમાં પાલનપુર વર્તુલ કચેરીના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એલ.એ. ગઢવીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. જેમાં પાલનપુર વિભાગીય કચેરી-૧ અને વિભાગીય કચેરી-૨ના અધિકારી અને કર્મચારીઓને ભારે ઉમળકાભેર ભાગ લીધો હતો.

સવારે ૦૯:૧૫ કલાકે શ્રી એલ.એ. ગઢવી દ્વારા રાષ્ટ્ર ધ્વજ ફરકાવી સલામી આપી ધ્વજવંદન કરવામાં આવેલ ત્યારબાદ શ્રી એલ.એ. ગઢવી દ્વારા પોતાના પ્રવચનમાં પ્રજાસત્તાક લોકોના મૂળભૂત અધિકારો અને ફરજો શું છે તેમજ દરેક નાગરિક કાયદાની નજરે આંખ સમાન છે અને તેમને કોઈ પણ ધર્મ, પંથ, રંગને કારણે ભોગવવું પડતું નથી. તેની માહિતી આપી તેમજ અત્યારે આખા દેશમાં કોરોનાની જે મહામારી ચાલી રહેલી છે અને તેના સામે સમગ્ર દેશમાં રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે તેનો લાભ લઈ તેમજ તેનાથી કેવી રીતે રક્ષણ મળી શકે તે વિષે માહિતી આપેલ. આ ઉપરાંત વીજ બચત અંગની માહિતી અને લોકો આવનાર ભવિષ્યમાં “વીજ બચત એ જ વિકસિત રાષ્ટ્રની કલ્પના” એ સંદેશો ધ્યાનમાં રાખી હવે કુદરતી સ્ત્રોતોમાં સૌર ઊર્જાનો ઉપયોગ કરવો હવે અનિવાર્ય બની ગયો છે તેવું જણાવેલ.

હાલના સમયમાં વીજળીના પરંપરાગત સાધનના વૈકલ્પિક ભાગ રૂપે અત્યારે સૌર ઊર્જાના ઉપયોગ પર ભાર મૂકવો જોઈએ તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. પાલનપુર વર્તુળ કચેરીના વિવિધ વિભાગીય કચેરી/પેટા વિભાગીય કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓના સંતાનોને કોર્પોરેટ ઓફિસના માર્ગદર્શન અને પસંદગી મુજબ શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ સફળતા તેમજ વિભાગીય કચેરી/પેટા વિભાગીય કચેરીઓની ફિલ્ડમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ કેશ એવોર્ડ અને પ્રશસ્તિપત્રથી સન્માનિત કરવામાં આવ્યા અને ત્યારબાદ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

## ડીસા ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



તા.૨૬-૧-૨૦૨૨નારોજ પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ, ડીસા વિભાગીય કચેરી નં-૧ના પ્રાંગણમાં ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે વિભાગીય કચેરી નં.-૨, ડીસાના કાર્યપાલક ઈજનેર શ્રી એસ.એમ. રાઠોડ, વિભાગીય કચેરી નં.-૧, ડીસાના નાયબ ઈજનેર શ્રી જી.ડી. પરમાર, ડીસા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર શ્રી એન.બી. શ્રીમાળી, ડીસા શહેર પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર શ્રી એચ.આર બબેરવોલ, ડીસા શહેર પેટા વિભાગીય કચેરીના જુનિયર ઈજનેર શ્રી રાકેશ ચૌધરી, જીઈબી મંડળી ડીસાના પ્રમુખ શ્રી મહેન્દ્ર સુંઢીયા, કર્મચારી મિત્રો તથા નાના બાળકો હાજર રહ્યા હતા. કાર્યપાલક ઈજનેર શ્રી એસ.એમ. રાઠોડે લોકશાહીમાં લોકો થકી થતા વહીવટીની જાણકારી આપી હતી જ્યારે જીઈબી મંડળી ડીસાના પ્રમુખ મહેન્દ્ર સુંઢીયા દ્વારા પ્રજાસત્તાક દિવસનું મહત્ત્વ, બંધારણ, હક્કો અને ફરજો વિષે વિસ્તૃત માહિતી આપી હતી.



ધ્વજ વંદન

સદર પર્વનું સફળ સંચાલન ડીસા શહેર પેટા વિભાગીય કચેરીના આસી. લા.મેન શ્રી આર.એમ.ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થતા શ્રી જય પ્રકાશ શિવહરે



તા. ૨૫-૦૨-૨૦૨૨થી વિધિવત્ રીતે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થતાં શ્રી જય પ્રકાશ શિવહરેએ પોતાનો હોદ્દો સાંભળી લીધેલ છે.

૨૦૦૨ની બેચમાં આઈ.એ.એસ. થયેલ શ્રી જય પ્રકાશ શિવહરેએ ગુજરાત સરકારના વિવિધ વિભાગો જેવા કે મેનેજિંગ ડિરેક્ટર, ડીઆઈસીડીએલ, મ્યુનિસિપલ કમિશનર, ભાવનગર, ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર (ધોલેરા સર અને માંડલ બહુચરાજી સર), કમિશનર, આરોગ્ય વિભાગ, ગુજરાત રાજ્યમાં કામ કરી ચૂકેલ છે.

તા. ૦૫-૦૭-૧૯૭૪ના રોજ જન્મેલા અને ઉત્તર પ્રદેશના વતની એવા શ્રી જય પ્રકાશ શિવહરેએ અલ્હાબાદ યુનિવર્સીટીમાંથી બેચલર ઓફ આર્ટસ (સાઇકોલોજિ) વિષય સાથે સ્નાતક થયેલ છે. દિલ્હી યુનિવર્સિટી ખાતેથી ૧૯૯૫-૯૬માં સાઇકોલોજિની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. ધી ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીમાંથી વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન માસ્ટર ઇન પબ્લિક પોલીસી, પબ્લિક ફાઇનાન્સની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત સરકારના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત થતાં શ્રી જય પ્રકાશ શિવહરેની નિમણૂંકને યુજીવીસીએલ પરિવાર આવકારે છે અને તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ કંપનીઓ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરશે તેવી અભ્યર્થના સાથે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે, તેમજ ભવિષ્યની યશસ્વી કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

# યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ચાર્જ સંભાળતા શ્રી પ્રભવ જોશી

તા. ૮-૩-૨૦૨૨નારોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ૨૦૧૪ની બેચના આઇ.એ.એસ. શ્રી પ્રભવ જોશીએ પોતાનો ચાર્જ સંભાળી લીધો છે.



શ્રી પ્રભવ જોશી અગાઉ કચ્છ-ભુજ ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે અને ત્યારબાદ મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ મેડિકલ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર ખાતેથી ફરજ બજાવીને હાલમાં યુજીવીસીએલ ખાતે હાજર થયેલ છે.

રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢના વતની એવા શ્રી પ્રભવ જોશીએ બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ સાયન્સ ખાતેથી પોતાની બીઈ કેમીકલની પદવી મેળવેલ છે.

યુજીવીસીએલ પરિવાર શ્રી પ્રભવ જોશીની, મેનેજિંગ ડિરેક્ટર તરીકેની નિયુક્તિને આવકારે છે. તેમના નેતૃત્વમાં કંપનીના કર્મચારીઓ સાથેના સહિયારા પુરૂષાર્થથી ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકેની શાખ જાળવી ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરશે તેવી અભ્યર્થના સાથે ભાવિ યશસ્વી કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

*It is a woman's world. Dedicated to all the women in the world On occasion of International Women's' Day!!!*

**Men always need women:**

Not just in the temple.... Even in life we are always in search of different women...

First it is **Vidya (education)**, then **Lakshmi (wealth)** - finally it is Shanti **(peace)**.

From **Usha (dawn)** to **Sandhya (dusk)** we are at work - seeking **Annapurna (food).**

At **Nisha (night)** we seek **Nidra (sleep)** and **Swapna (dreams).**

Whether we chant the **Gayatri (mantra)** or read the **Gita (epic)**, we are still with women. If dark, we want **Deepa/Jyoti (light)**, if lonely we want **Priya** and **Sneha (love n friendship)** and if thirsty, we want **Jalaja (water).**

If we are at war, we want **Jaya (victory)**. From those who are more powerful we want **Karuna (sympathy).** From those who are pushing us we want **Kshama (forgiveness).**

**Concept By:**
**- Sh. Kalpeshkumar Vitthalbhai Parmar**
*Dy Superintendent (Accounts)*
*Gujarat Energy Training & Research Institute (GETRI), Vadodara*

# પદ્મશ્રી એવોર્ડથી મરણોત્તર સન્માન

ગુજરાત કેડરના આઇએએસ સ્વર્ગસ્થ ડો. ગુરુપ્રસાદ મહાપાત્રાને સિવિલ સર્વિસિસ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ પદ્મશ્રી એવોર્ડથી મરણોત્તર સન્માનિત કરાયા છે. કોરોના અને એને પગલે શરીરના અન્ય અવયવોમાં ખરાબીને કારણે તા. ૧૯-૬-૨૦૨૧ના રોજ એમનું અવસાન થયું હતું, ત્યારે તેઓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડના સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા.

મૂળ ઓડિશાના કટક ખાતેના વતની એવા ૧૯૮૬ બેચના આઇએએસ ડો. ગુરુપ્રસાદ મહાપાત્ર જુલાઈ-૨૦૧૬માં કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન ઉપર દિલ્હી ગયા અગાઉ તેઓ આપણા રાજ્યમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, રાજ્ય વેચાણ વેરા વિભાગના મુખ્ય કમિશનર જેવી હાઇ પ્રોફાઇલ જગ્યાઓ ઉપર ફરજ બજાવી ચૂક્યા હતા.



દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર એમણે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ચેરમેન તરીકે નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ માટે ગૌરવપ્રદ બાબત એ છે કે, શ્રી મહાપાત્રાએ અધ્યક્ષ તરીકે તા. ૧૫-૦૨-૨૦૦૬થી તા. ૧૫-૧૦-૨૦૧૧ના સમયગાળા દરમ્યાન તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપનીએ કુલ ૬ (છ) જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્રાપ્ત કરેલ.

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ યુજીવીસીએલની વ્યવસાયિક ધોરણે શરૂઆત થયેલ જેના માર્ગદર્શક તરીકે તેમણે આપેલ યોગદાન યાદગીરી રૂપે યુજીવીસીએલ પરિવારજનોના હૃદયમાં હંમેશા ચિરંજીવી છે.

તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન રાષ્ટ્રને સતત ૨૪ કલાક વીજળી પૂરી પાડવાની મહત્વાકાંક્ષી "જ્યોતિગ્રામ યોજના" કાર્યાન્વિત થયેલ. તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામના વરદ્ હસ્તે તા. ૧૧-૧૧-૨૦૦૬ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં પાવાગઢ ખાતે કરવામાં આવેલ.

કેન્દ્ર સરકાર દ્વારા શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રાની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવીને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા એ બદલ યુજીવીસીએલ પરિવાર ગૌરવ અને કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. ■

# કડી ખાતે 'વીજ બચત' વિષય પર આધારિત લોક જાગૃતિ અભિયાન

તા. ૧૪-૧૨-૨૦૨૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, કડી દ્વારા આયોજિત 'વીજ બચત' વિષય પર આધારિત લોક જાગૃતિ અભિયાન માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે એસ.વી સ્કૂલ, કડી ખાતે રાખવામાં આવેલ.







વિજેતા બાળકોને કાર્યપાલક ઈજનેર શ્રી એસ.આર. પટેલ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. બાળકોના ઘડતરમાં વીજ બચત અંગેના સંસ્કારો નાનપણથી જ પ્રાપ્ત થાય તેવા હેતુથી સદર કાર્યક્રમનું આયોજન કરી વીજબચત અંગે જાગૃતિ કેળવવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવેલ. ■

# ડીસા ખાતે વીજ અકસ્માત ટાળવા પેમ્ફલેટ વિતરણ

તા. ૧૩-૦૧-૨૦૨૨ના રોજ ઉતરાયણ પર્વ નિમિત્તે પતંગ ચગાવતી વખતે વીજ અકસ્માત ના થાય તે માટે લોકોમાં જાગૃતિ લાવવા જેટકો અને જીઇબી મંડળી, ડીસા દ્વારા સલામતી માટે કાર્યક્રમનું યોજન કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં વિભાગીય કચેરી નં.-૧, ડીસાના કાર્યપાલક ઇજનેર શ્રી આર.જી. બામણીયા, નાયબ ઇજનેર શ્રી એસ.પી. પટેલ, જીઇબી મંડળી, ડીસાના પ્રમુખ શ્રી મહેન્દ્ર સુંઢીયા, ઉપપ્રમુખ શ્રી આર.ડી. પટેલ, મંત્રી શ્રી રામજીભાઈ રુપાલા, સહમંત્રી શ્રી ભરતભાઈ શર્મા, કારોબારી સભ્ય શ્રી ગીરીશભાઈ પટેલ તથા અન્ય કર્મચારીઓ હાજર રહીને લોકોને સલામતી માટેના પ્રેમ્ફલેટ વિતરણ કરેલ તેમજ રીક્ષાઓ ઉપર સલામતી માટે ઉપયોગી માર્ગદર્શન આપતા સ્ટીકર લગાવી કાર્યક્રમને સફળ બનાવેલ. ■

# ભિલોડા ખાતે શ્રી હનુમાનજી મહારાજના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

તારીખ ૧૪-૦૨-૨૦૨૨ના રોજ વિભાગીય કચેરી ભિલોડા ખાતેના કેમ્પસમાં શ્રી હનુમાનજી મહારાજના મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના યજ્ઞનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર શ્રી પી.બી. પંડ્યા, અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહ તથા હિંમતનગર વર્તુળ કચેરીના કાર્યપાલક ઈજનેરશ્રીઓ, કર્મચારીઓ



ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. ■



# ફિલ્મ ક્ષેત્રે અભિનયના ઓજસ પાથરતા શ્રી ધારેશ શુક્લ

બોપલ વિભાગીય કચેરી ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી ધારેશ શુક્લ છેલ્લા ૧૪ વર્ષથી અભિનય ક્ષેત્રે સફળ કામગીરી કરી રહેલ છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગત યોજાઈ રહેલ સંગીત-નાટ્ય સ્પર્ધામાં સતત ભાગ લઈ રહેલ છે અને અને છેલ્લા ૭ વર્ષોથી બેસ્ટ એક્ટરનો ખિતાબ પણ જીતતા આવ્યા છે. તાજેતરમાં તમિલ ભાષામાં બની રહેલ ફિલ્મમાં ઓડીશન બાદ પસંદગી થતાં પોતાના અભિનયના ઓજસ પાથરેલ છે. તેઓએ ઐતિહાસિક નાટક 'જાણતા રાજા'થી શરૂઆત કરી, ગુજરાત સરકારના વાઈબ્રન્ટ ગુજરાત પ્રોજેક્ટ હેઠળ રાજકોટથી ભરત યાજ્ઞિક થિયેટર થેરાપી-કલા નિકેતન સંસ્થા સાથે ૧૫થી વધુ લાઈટ એન્ડ સાઉન્ડ



શો કર્યા, 'વારસદાર', 'વિસ્ફોટ ૨.૦', 'રચનાકર', 'ઉષા પરિણય' જેવા ૨૦થી વધુ ફૂલ લેંથ નાટકો, 'અંતર મનની આરપાર', 'પથ્થર થર થર ધ્રૂજે' જેવા ૭૦થી વધુ એકાંકીમાં કામ કર્યું છે. પોતાની આવકના ૫ % નાટય નિર્માણ માટે ખર્ચીને 'કલ્પના મૃત્યુ' જેવા સફળ નાટકોનું નાટય નિર્માણ અને દિગ્દર્શન પણ કર્યું છે.

યુજીવીસીએલ પરિવાર ફિલ્મ તથા નાટ્ય ક્ષેત્રે તેમના પ્રદાન માટે ગૌરવની લાગણી









અનુભવે છે. ભવિષ્યમાં તેઓ અભિનય ક્ષેત્રે વધુ પ્રગતિ સાથે સફળતાના શિખરોસર કરે એવી શુભેચ્છા આપી અભિનંદન પાઠવે છે. ■

# હિંમતનગર ખાતે કોવિડ-૧૯ બૂસ્ટર ડોઝના કેમ્પનું આયોજન

તારીખ. ૧૦-૦૨-૨૦૨૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી હિંમતનગર ખાતે અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહની રાહબરી હેઠળ હિંમતનગર વર્તુળ અને વિભાગીય કચેરી, હિંમતનગર દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત અધિકારીઓએ/કર્મચારીઓને કોરોનાની રસીનો બૂસ્ટર ડોઝ આપવાના કેમ્પનું



આયોજન વર્તુળ કચેરી ખાતે કરવામાં આવેલ.

આ પ્રસંગે યુજીવીસીએલ વર્તુળ કચેરી અને વિભાગીય કચેરી અને તેના હેઠળની પેટા વિભાગીય કચેરીઓના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ દ્વારા કોવિડ-૧૯ના સંક્રમણથી બચવા તકેદારીના ભાગરૂપે ઉત્સાહભેર બૂસ્ટર ડોઝ રસી લેવામાં આવેલ. ■

# વીજ-સુરક્ષા માટે કર્મચારીઓને અદ્યતન કીટનું વિતરણ






ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના ગુજરાત પાવર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલ ગાંધીનગર દ્વારા સતત અવનવા સંશોધનો હાથ ધરવામાં આવી રહેલ છે જેના ભાગરૂપે કર્મચારીઓની વીજ-સલામતી માટે તૈયાર કરવામાં આવેલ અદ્યતન ટૂલ્સ અને ટેકલ્સના વિતરણનો કાર્યક્રમ તારીખ ૦૧-૦૨-૨૦૨૨ના રોજ મહેસાણા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, ટ્રાન્સફોર્મર મેઈન્ટેનન્સ સ્કવોર્ડ (ટીએમએસ) અને લેબોરેટરીના લાઇન સ્ટાફ માટે જીઇકેસી મહેસાણા ખાતે કરવામાં આવેલ. ટૂલ્સ અને ટેકલ્સ તેમજ આ સાધનોને રાખવા માટે બેગ્સ આપવામાં આવેલ. સદર કાર્યક્રમમાં કંપનીના મુખ્ય ઇજનેર (ઓપી.) શ્રી પી.બી.પંડ્યા, શ્રી જે.બી. ઉપાધ્યાય કાર્યવાહક અધિક્ષક ઇજનેર (આરએન્ડડી) સેલ, શ્રી આર.પી. પટેલ કાર્યવાહક અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરી મહેસાણા ઉપસ્થિત રહેલ. ■

## ગુજરાત બજેટની સાથે સાથે...

### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ રૂ. ૧૫,૫૬૮ કરોડની જોગવાઇ

સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક પાયાની આવશ્યકતા છે. દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૧૮૧ યુનિટ સામે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ ૨૧૪૩ યુનિટ છે, જે ગુજરાતના વિકાસને પ્રતિબિંબિત કરે છે. રાજ્યમાં અંદાજે ૧૯ લાખ ઘરોને પાઇપ દ્વારા કુદરતી ગેસનું જોડાણ આપવામાં આવેલ



છે, જે ટકાવારીની દૃષ્ટિએ દેશમાં સૌથી વધારે છે. આ સાથે પાંચ હજાર જેટલા ઔદ્યોગિક એકમો અને આશરે ૧૪ હજાર વ્યાપારી એકમોને કુદરતી ગેસના જોડાણ આપવામાં આવેલ છે. કુદરતી ગેસના આયાત, સ્ટોરેજ, વિતરણ તેમજ વપરાશના ક્ષેત્રે રાજ્ય દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

- ખેડૂતોને રાત્રિના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડવાના ઉદ્દેશથી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આંતરમાળખાકીય સગવડોના વિકાસ માટે જોગવાઇ રૂ.૧૪૦૦ કરોડ.
- બાકી રહેતા તમામ કૃષિવિષયક વીજ જોડાણો આપવાની કામગીરી પૂર્ણ કરવા માટે જોગવાઇ રૂ.૧૦૪૬ કરોડ.
- તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્ક્સ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા જોગવાઈ રૂ.૭૩૪ કરોડ.
- ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશથી રીવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ અંતર્ગત વીજ વિતરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે જોગવાઇ રૂ.૧૦૦ કરોડ.
- વધુ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવાના આશયથી રાજ્યમાં ૫૬ નવા સબ-સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં અને ૩૩ સાગરકાંઠા વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.
- ખેતીવાડી ફીડરોની જાળવણી અને વિભાજનની કામગીરી માટે જોગવાઇ રૂ. ૧૧૦ કરોડ.
- કિસાન હિત ઊર્જા શક્તિ યોજના હેઠળ ઓછી ક્ષમતાના ૫ હજાર ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાડવાની યોજના માટે જોગવાઇ રૂ. ૬૦ કરોડ.
- આદિજાતિ વિસ્તારોમાં સારા વોલ્ટેજ સાથે વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા માટે જોગવાઇ રૂ. ૫૦ કરોડ.
- એગ્રીકલ્ચર પંપના સોલરાઇઝેશન માટેની પી.એમ.-કુસુમ યોજના અંતર્ગત જોગવાઇ રૂ. ૪૧ કરોડ.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશના સીંગલ પોઇન્ટ વીજ જોડાણ માટે જોગવાઇ રૂ. ૨૨ કરોડ.

# કલોલ ખાતે પ્લાસ્ટિક મુક્તિ અભિયાનનું અનોખું ઉદાહરણ




યુજીવીસીએલમાં વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) તરીકે કાર્યરત શ્રી એ.સી. પ્રજાપતિના સુપુત્ર ચિ. કવને પૃથ્વીના સંરક્ષણ પર્યાવરણના જતન માટેની પોતાની ખેવના અનોખી રીતે વ્યક્ત કરી અને અન્યોને પણ એ માટે પ્રેરિત કર્યા. કવને તેના લગ્નમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ સદંતર બંધ કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરી.

તા. ૦૫-૦૨-૨૦૨૨ના રોજ યોજાયેલા લગ્નમાં કવને સામાજિક રિવાજ મુજબ ચાંદલો લેવાની પ્રથાનો ત્યાગ કર્યો, એટલું જ નહીં આપણા દેશને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની પહેલ તરીકે, પ્લાસ્ટિકની વસ્તુઓને બદલે સ્ટીલની ડીશ, પાણી પીવાના ગ્લાસ, સૂપ-શરબત માટે વપરાતા પ્લાસ્ટિકના ગ્લાસના સ્થાને માટીના કુલ્લડનો ઉપયોગ કરીને અનોખું ઉદાહરણ આપ્યું. ભારતમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત "નો યુઝ ઓફ સિંગલ યૂઝ" પ્રોજેક્ટ હાથ ધરાયેલ છે. પ્લાસ્ટિકના બેફામ ઉપયોગથી ઉદ્‌ભવતી સમસ્યાઓ પ્રત્યે જનજાગૃતિ લાવીને પ્લાસ્ટિક મુક્ત થેલીઓનું વિતરણ કરી જનજાગૃતિ માટેના પ્રયાસો હાથ ધરેલ છે.

પોતાના લગ્ન પ્રસંગે પ્લાસ્ટિક મુક્ત અભિયાનને પ્રોત્સાહન આપવાના ચિ. કવનના પ્રયાસોને યુજીવીસીએલ પરિવાર બિરદાવે છે અને આગામી પ્રયાસોમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવે છે. ■

# યુજીવીસીએલ પરિવારના બે વીજકર્મીઓના અવસાન

## શ્રી જગદીશભાઈ આર. જણસારી

તા. ૩૧.૦૧.૨૦૨૨ના રોજ શ્રી જગદીશભાઈ આર. જણસારી, એક્ઝિક્યુટીવ (એચ.આર.), એચ.આર. વિભાગ, રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણાનું હૃદયરોગને લીધે અકાળે દુઃખદ અવસાન થયેલ છે.



સ્વ. જણસારીએ તા. ૨૩-૦૭-૧૯૮૬ના રોજ જુનિયર આસિસ્ટન્ટ (ટાઈપીસ્ટ) તરીકે ડીસા ટ્યુબવેલ વિભાગીય કચેરી ખાતે પોતાની ફરજ શરૂ કરેલ ત્યાર બાદ પાલનપુર વર્તુળ કચેરી, પાલનપુર આર.ઈ.સી. વિભાગીય કચેરી, પાલનપુર રીજીયોનલ સ્ટોર ઓફિસ, પાલનપુર વિભાગીય કચેરી ખાતે પોતાની ફરજો બજાવેલ.

તા. ૨૧-૦૭-૨૦૦૩ના રોજ થરાદ પેટાવિભાગીય કચેરી ખાતે સિનિયર આસિસ્ટન્ટ તરીકે બઢતી મેળવેલ. સિનિયર આસિસ્ટન્ટ તરીકે તેઓએ ડીસા પેટાવિભાગીય કચેરી-૧, ડીસા વિભાગીય કચેરી-૨, વાવ પેટાવિભાગીય કચેરી, ઊંઝા શહેર પેટાવિભાગીય કચેરી ખાતે ફરજ બજાવેલ.

તા. ૨૩-૦૩-૨૦૧૭ના રોજ નાયબ અધિક્ષક (વહીવટ) તરીકે સાબરમતી વિભાગીય કચેરી ખાતે બઢતી મેળવેલ. બઢતી મેળવ્યા બાદ તા. ૨૧-૦૧-૨૦૧૯ના રોજ રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે બદલી મેળવેલ, તા. ૦૧-૦૭-૨૦૨૦ના રોજ એક્ઝિક્યુટીવ એચ.આર. તરીકે બઢતી મેળવેલ. ૩૬ વર્ષ સુધી અગાઉના જી.ઈ.બી. અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં લાંબી કારકિર્દી ધરાવનાર શ્રી જણસારી શાંત અને મૃદુભાષી સ્વભાવના હતાં. તેમની અણધારી વિદાયથી યુજીવીસીએલ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. દિવંગત આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓના પરિવાર પર આવી પડેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે. ■

## શ્રી શૈલેશભાઈ સી. ચૌહાણ

તા. ૨૪-૦૧-૨૦૨૨ના રોજ શ્રી શૈલેશભાઈ સી. ચૌહાણ, ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ, વિરમગામ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીનું વીજ-અકસ્માતમાં દુઃખદ અવસાન થયેલ છે.



સ્વ. ચૌહાણએ તા. ૦૫-૦૩-૨૦૨૦ના રોજ ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં ખૂબ જ નાની ઉંમરે થયેલ અવસાન બદલ યુજીવીસીએલ પરિવાર આઘાત સાથે ઘેરા શોકની લાગણી અનુભવે છે. સ્વ. ચૌહાણ તેમની પાછળ પાંચ વર્ષ અને દસ વર્ષની ઉંમરના બે બાળકો તેમજ તેમની પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે.

દિવંગત આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓના પરિવાર પર આવી પડેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે. ■

સમગ્ર ટીમ અંક આપણું યુજીવીસીએલ પ્રસિધ્ધ કરો છો તેમાં સખત મહેનત, સૂઝબૂઝની જરૂર પડતી હોય છે તે બધું તમે સારી રીતે મેળવી સુધારા વધારા કરી લેખો લખી આપણા યુજીવીસીએલ પરિવારને પીરસો છો. આપણા ઉતમ કાર્યો માટે ફરી ખૂબ ખૂબ આભાર.

– **શ્રી દક્ષાબેન મારુ,** સિનિયર આસિસ્ટન્ટ,
સી.પી.એફ. સેક્શન, સાબરમતી સર્કલ ઓફિસ

"આપણું યુજીવીસીએલ" ૬૩મો, ૬૪મો તથા ૬૫મો અંક વાંચ્યા. ખરેખર બધા જ અંકોમાં આપણી કંપનીની વર્તમાન ઘટનાઓની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવેલ છે. સ્વર્ગવાસ થયેલ કર્મચારીઓને શ્રદ્ધાજલિ, નિવૃત્ત થતાં કર્મચારીનું સન્માન દર્શાવાય છે.

બધા જ અંક ખૂબ જ માહિતી સભર છે. સુંદર સંપાદન કરવા બદલ સંપાદક મહોદયશ્રી તથા ટીમને ખૂબ જ અભિનંદન સહ શુભેચ્છાઓ.

– **શ્રી અમૃતભાઈ જી. શ્રીમાળી,**
નિવૃત અધિક્ષક હિસાબ, મહેસાણા સર્કલ ઓફિસ

યુજીવીસીએલ કંપની દ્વારા ઇ-ન્યૂઝલેટર અંક ખરેખર ખૂબ જ સરસ છે. – **શ્રી ઉમેશભાઈ એ. ગોર,**
એક્ઝિક્યુટીવ (એડમીન), જી.ઈ.આર.સી., ગાંધીનગર

ખૂબ જ સરસ... સંપાદનના જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે. – **શ્રી નિરવ પ્રજાપતિ,** સિનિયર આસિસ્ટન્ટ,
આર. એન્ડ સી. ઓફિસ, મહેસાણા

ડિસેમ્બર ૨૦૨૧-જાન્યુઆરી ૨૦૨૨ અંકમાં આપણી કંપનીને મળેલ એવોર્ડ-૨૦૨૧ (NECA-2021) તથા ISO 9001 : 2015 પ્રમાણપત્રના લેખ વાંચી આનંદ થયો. 'દિવાળીની અમુલ્ય બક્ષીસ' ખૂબ જ હૃદયસ્પર્શી વાર્તા, લેખકને અભિનંદન. – **શ્રી ડી. બી પટેલ,** કાર્યપાલક ઇજનેર, (ટેક) આર.ઓ. મહેસાણા

ખૂબ સરસ અને વિવિધતાથી ભરપુર અંકનું આલેખન કર્યું છે, ખૂબ જ સુંદર ભાષાનો પ્રયોગ કર્યો છે સંપાદકશ્રીને અભિનંદન.

– **શ્રી આર.આર. જોષી,** નિવૃત્ત અધિક્ષક, હિંમતનગર

To maintain consistency is a big challenge for you.Though you are doing very well since long. Congratulations.

**- Shri D. B. Patel,** EE T RO, Mahesana

The newsletter is unique in its presentation style. Particularly, the recent edition conveys a lot of information about UGVCL and UGVCLS family to the readers. Overall, the newsletter has maintained a good standard and touches all areas like safety, social facets, business standards, corporate social responsibilities and nature.

**- Shri Rinkal Modi,** Deputy Superintendent
(Accounts), Gandhinagar D.O.

I read a copy of 65th article "AAPNU UGVCL" on the UGVCL online Newsletter, and I was thoroughly impressed. I acknowledge the effort, dedication, energy and skills necessary for the achievement made by you and your entire publication team.

**- Shri H R Bhavsar,** Personal Officer, H.R.
Section, R&C Office, Mehsana.

Very nicely covered all important topics along with photographs, including my last magazine words, it shows high level of dedication towards work, God bless you.

**- Shri Ashok Mulani,** Ex. Executive
Engineer, Gandhinagar D.O.

It's a beautiful edition of 'Apnu UGVCL'. Various information like Awards, Accomplishment, Inspirational, social & Literature @ UGVCL, which strengthen the bond among employees of UGVCL as a huge Family. Best wishes for Next edition.

**- Shri Mahesh Shakya**, Superintending
Engineer (Civil), R&C office, Mahesana

Fine E-newsletter Congratulations to you and your team. **- Shri A C Patel,** Ex. Chief Engineer

નથી એકલો તું રાખજે એટલું ધ્યાન,
નિયમો સલામતીના પાળી કરજે કામ,

આપ્યા છે જે ટૂલ્સ અને ટેકલ્સ,
વાપરી જાણજે એ બાપ,

તારી થકી વીજ પ્રવાહ વહે,
નિરંતર પરિવારનું સુખ રહે,

સોગંધ ખાઈ રોજ સલામતીના,
લોકોની સલામતી માટે રચ્યો રહે તું,

એક ભૂલ, વિખરાઈ જાય કુટુંબનું ફુલ,
મોભીને ગુમાવતા પરિવારને થાય ઘણું દુઃખ,

કામ છે અનંત અને અખંડ ખૂટશે નહીં,
તારો અભાવ પરિવાર ભુલશે નહીં કદી,

કરીશ કેટલુંય તું કદર નહીં થાય,
બાકી રહેશે કામ તો ગાળો ખાઈશ,

મન રાખી સ્વસ્થ ને તન ને સદા નિરોગી,
કાર્ય કરવું સઘળું નિયમો નજર સામે રાખી,

યુજીવીસીએલની ભાવના છે સદા ઉદાત્ત,
એટલું કામ તો કરજે જ જેટલો મળે પગાર,

ચોકસાઈ, ચીવટ સાથે સાથીઓનો રાખજે ખયાલ,
તારા થકી જ ચાલે છે કંપની એટલું યાદ રાખજે.

**– શ્રી શૈલેશ એમ. યાદવ**
નાયબ ઇજનેર, પ્રાંતિજ

અડ્યા વગર એ મને અડી ગઈ,
જાણે ખોવાયેલી ફરી મને જડી ગઈ...

ખૂબ જ સુંદર હતો એ પલ,
થમી ગઈ હતી જિંદગીની સફર,
ત્યાંથી જિંદગી નવા રસ્તે ચડી ગઈ,
અડ્યા વગર એ મને અડી ગઈ...

મારા પર તો એવી ક અસર થઈ,
ક્યારે મળશે ફરી એની ખબર નહિ,
વેરાન ધરા જાણે 'પ્રણય'થી પલળી ગઈ,
અડ્યા વગર એ મને અડી ગઈ...

**– શ્રી પ્રણય વાવડિયા**
નાયબ અધિક્ષક (હિસાબ), આર.ઓ. મહેસાણા

## 'હર્ષ' આવાની દેશને પરવા નથી

સીધો છાતી પર વાર કરે, હોય એવા દુશ્મન તો;
પીઠ પાછળ ઘા કરનાર આ, દોસ્તની પરવા નથી.

ભલે અટવાય શરૂઆત, મળે પ્રાસના શબ્દ તો;
મૂંઝાવી નાખનાર આ, શ્લોકની પરવા નથી.

છોને પથ્થર ઉછાળે, પ્રગટે ફૂલની સુવાસ તો;
બેરહમ સમા જલ્લાદની, કોઈને પરવા નથી.

હરપળ જૂઠના સહારે, મળે આવા સાથીઓ તો;
કોઈના સારા માટે જૂઠ, કહેનારની પરવા નથી.

એકબીજાને ખુશ કરે, રચાય એવા ગઠબંધન તો;
પરિણામ જોયું ને ''હર્ષ'', આવાની દેશને પરવા નથી.

**– શ્રી એચ. બી. પટેલ ''હર્ષ''**
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર, તલોદ



## લતાજીને મૌન શ્રદ્ધાંજલી

આજે કોયલ ને કોકિલોની વિશાળ સભા ભરાઈ,
સ્વરોની રાણી ને સ્વર શબ્દોની શ્રદ્ધાંજલી અપાઈ.

શબ્દો ખૂટ્યા, સ્વર ખૂટ્યા ને કોયલ જઈ કરમાઈ,
પછી બુલબુલ ને અંજલી આપવા ઊભી કરાઈ.

બહુ રડી બુલબુલ ને સ્વર પણ ગયો રુધાઈ,
માતમ છાયો લતાના મોતનો, મૌન અંજલી અપાઈ.

પંખીઓના સ્વર મુરજાયા, ભેગી વસંતેય મુરજાઈ,
વિલાપ કરતા વૃક્ષવેલીઓ પર, લતાની વેદના છવાઈ.

શોક પાળજો સાથીઓ, આપણી લતા આજ કરમાઈ,
સ્વર તણાયા, સુર તણાયા, લતા સ્વરમાં ગઈ સમાઈ.

ગીત ગુંજશે, સ્વર સંભળાશે, લતા લત્તે લત્તે લહેરાશે,
હિન્દવાસીઓના હૈયે લતા દીદી, ગીત રુપે ગવાશે.

**– શ્રી અમૃતભાઈ શ્રીમાળી**
નિવૃત્ત કર્મચારી, યુજીવીસીએલ

# યુજીવીસીએલ દ્વારા સન્માનિત કર્મચારીઓ અને બાળકો


સોલાર એવોર્ડ


સોલાર એવોર્ડ


સોલાર એવોર્ડ


સોલાર એવોર્ડ


ટેકનિકલ એવોર્ડ


ટેકનિકલ એવોર્ડ /ઈપેમેન્ટ


ઈપેમેન્ટ એવોર્ડ


ઈપેમેન્ટ એવોર્ડ


ઈપેમેન્ટ એવોર્ડ


ઈપેમેન્ટ એવોર્ડ


ઈપેમેન્ટ એવોર્ડ


ઈપેમેન્ટ એવોર્ડ


ઈપેમેન્ટ એવોર્ડ


શૈક્ષણિક એવોર્ડ


શૈક્ષણિક એવોર્ડ


શૈક્ષણિક એવોર્ડ

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ


**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com